Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

શ્રી જૈન ધર્મ પ્રકાશ



પુસ્તક ૮૩ મું
અંક ૪–૫
૧૦ ફેબ્રુઆરી–માર્ચ

મહા–ફાગણ

વીર સં. ૨૪૯૩
વિ. સં. ૨૦૨૩
ઇ. સ. ૧૯૬૭

(१०९) खिप्पं ण सक्केइ विवेगमेउं, तम्हा समुट्ठाय पहाय कामे।
समिच्च लोयं समया महेसी, आयाणुरक्खी चरमप्पमत्ते ॥९॥

૧૦૯. વિવેક જ્ઞાન કાંઈ ઝટ ઝટ થઈ થઈ જતું નથી, તેથી તેને મેળવવા માટે કામોનો–વાસનાઓ–તૃષ્ણાઓનો ત્યાગ કરીને ભારે સાધના કરવાની જરૂર હોય છે. પાપમય સ્વાર્થી પ્રવૃત્તિઓમાંથી આત્માને બચાવનારા મહામુનિએ સમભાવે સમસ્ત સંસારને સમજી અપ્રમત્ત ભાવે વિચરવું જોઈએ.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૮૩ મું :: વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

अनुक्रमणिका

૧ શ્રી વર્દ્ધમાન મહાવીર : મણકો બીજો–લેખાંક : ૨૧ (સ્વ. મૌક્તિક) ૨૭

૨ કાયોત્સર્ગ (દીપચંદ જીવણલાલ શાહ) ૨૦

૩ બ્રહ્મચર્ય (શાહ ચતુર્ભુજ જેચંદ) ૩૬

સમાચાર

જન્મદિન—આપણી સભાના પ્રમુખ અને જાણીતા ઉદ્યોગપતિ શ્રીયુત ભોગીલાલભાઈ મગનલાલ શેઠના પોષ વદી ૦)) ને ગુરૂવારના રોજ એકાશીમા જન્મદિન પ્રસંગે આપણી સભા ઉપરાંત સમાજની વિવિધ સંસ્થાઓ, સ્નેહીઓ, શુભેચ્છકો તેમજ મિત્રવર્ગ તરફથી હારતોરા એનાયત કરી તંદુરસ્તીભર્યું દીર્ઘાયુષ્ય ઇચ્છવામાં આવ્યું હતું.

—: પ્રસિદ્ધ થઇ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો સીલીકે છે :—

ચોસઠ પ્રકારી પૂજા—અર્થ અને કથાઓ સહિત

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે. આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપે આપની નકલ તરત જ મંગાવી લેવી.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરળતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરળ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

પોસ્ટેજ ૭૫ પૈસા   લખો :–શ્રી જૈન ધર્મ પ્રારક સભા–ભાવનગર

શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહક બંધુઓને સુચના

શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહક બંધુઓને જણાવવાનું કે આપની પાસે ૨૦૨૩ ના કારતક થી ૨૦૨૩ આસો માસ સુધીનું લવાજમ રૂા. ૩/૨૫ અંકે ત્રણ ને પચીશ પૈસા મનીઑર્ડરથી મોકલી આપવા કૃપા કરશો હવે દર વરસે લવાજમ લેવું તેમ નક્કી કરેલ છે.

—તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૩ મું અંક ૪-૫ | મહા—ફાગણ | વીર સં. ૨૪૯૩ વિક્રમ સં. ૨૦૨૩

શ્રી વર્દ્ધમાન-મહાવીર

મણકો ૨ જો :: લેખાંક : ૨૧

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

નવમી વાડમાં શરીરની વિભૂષા ન કરવી એમ જણાવેલ છે. માથે હેટ પહેરી, ગળામાં ટાઈ બાંધી, પાટલૂન પહેરી ફરવું નહિ અને કોઇ પ્રકારે તો ઇસ્કે ટાઈટ કરી શરીરની વિભૂષા ન કરવી એ પણ શિયળની નવમી વાડમાં આવે છે. આંખમાં સૂરમો આંજવો કે સુંદર રીતે પોતાનો ચોટલો ગૂંથવો કે પોતાનાં માથાના વાળને ગોઠવવા અથવા સારા દેખાવા માટે દાઢી મૂછને ઓડી નાખવા એ સર્વનો સમાવેશ આ નવમી વાડમાં થાય છે. આ નવે વાડ પાળવી એ સ્વદારા સંતોષી બ્રહ્મચારીનું લક્ષણ છે. બાકી વિધવા વેશ્યા કે કુમારિકા અથવા પરણિતા સિવાય સર્વ સ્ત્રી-સંબંધ પુરૂષોના સંબંધમાં વર્જ્ય ગણાય છે અને કોઇ પણ પ્રકારનો મૂલ્ય આપીને થોડા વખત માટે સંબંધ પણ વર્જ્ય ગણાય છે. સ્વદારા એટલે પરિણિતા સિવાયના સર્વ સંબંધ વર્જવાનો આ નિયમ જેમ પુરૂષને લાગે છે, તેમજ સ્ત્રીઓને પુરૂષનો સંબંધ વર્જ્ય ગણાય છે એટલે આ અનુવ્રત સર્વ પુરૂષો તેમજ સ્ત્રીઓને લાગે છે તેમ સમજવું. અને બને ત્યાં સુધી વિવાહ, (વેવિશાળ) કે લગ્નાદિકની પંચાતમાં પડવું કે તેમાં રસ ન લેવો. એથી સર્વ સંબંધ થાય છે તે પણ અનિત્ય છે અને તેટલા માટે સર્વ પરદારાનો સંબંધ તજવા યોગ્ય છે. આટલા માટે સ્ત્રીની છબીને પણ ધારી ધારીને જોવી નહિ અને હસ્તકર્મ તો સર્વથા નિષિદ્ધ જ છે. એનો ત્યાગ કરી સ્વદારા-પરિણિતા સ્ત્રીમાં સંતોષ માનવો અને બને ત્યાં સુધી અનંગક્રીડાના પ્રકારમાં ચુંબનાદિનો સમાવેશ થતો હોવાથી તેનો પણ ત્યાગ કરવો. વળી પરદારામાં દેવતાની મનુષ્યની અને તિર્યંચ એની સર્વ સ્ત્રીઓનો સમાવેશ થાય છે તેમ જાણવું. એટલે પછી તેમાં વેશ્યા કે કુમારિકાનો જ સમાવેશ થાય છે એમ ન જાણતાં એનો પણ પરસ્ત્રીમાં સમાવેશ થાય છે એમ જાણવું. પરસ્ત્રી એટલે અપરિણિતા સર્વ સ્ત્રીઓ સમજવી, પછી તે પરણેલી હોય કે ન હોય, પણ તે આ ચોથા વ્રતવાળાને માટે નિષિદ્ધ છે એમ સમજવું. આ પ્રમાણે ચોથા અનુવ્રતની પાલના મહાવીરે કરી અને પોતાનાં તદ્દનુરૂપ રહેવાથી સારો અનુકરણીય દાખલો બેસાડ્યો. એમણે પોતે કોઈના વિવાહ જોડ્યા પણ નહિ, કોઈના લગ્ન કરી આપ્યા નહિ અને પ્રિયદર્શના સાથે પણ તીવ્ર કામના કરી નહિ, તેમણે અમુક તીથિએ, કે પર્વદિવસોએ વિષય ત્યાગ સ્વદારાનો પણ કર્યો અને વિષયના ચાળાચસકા તેની સાથે પણ કદી કર્યા નહિ. બાર તીથિએ, છએ અઠ્ઠાઈઓમાં અને પર્વદિવસે તેમણે બ્રહ્મચર્યનું પાલન કર્યું અને કદી તેનો ભંગ ન કર્યો અને પરસ્ત્રી કોઈ પણ સાથે તેમણે નજર પણ ન મેળવી. મહાવીરનો આ સ્વદારા સંતોષ એક ગૃહસ્થ તરીકે અનુકરણીય નીવડ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને તેનો દાખલો જોઇ અનેક માણસો તેને અનુસર્યા. મોટા માણસો જે માર્ગ લે છે તેને બીજા અનુસરે છે તે જનતાની જાણીતી વાત મહાવીર વર્દ્ધમાનના સંબંધમાં સાવ સાચી નીવડી અને તેમણે ગૃહસ્થદશામાં પણ સ્વદારાનો ત્યાગ સ્વીકાર્યો. તેમણે કદી દિવસે તો વિષય સેવ્યો જ નહિ અને રાત્રીએ પણ ઉપર જણાવ્યું તેમ મર્યાદિત ત્યાગને સ્વીકાર્યો. આવું અનુકરણીય જીવન જીવી તેમણે ચોથા અનુવ્રતને યોગ્ય રીતે પાળ્યું અને એ રીતે નામના કાઢી. આજે પણ મહાવીરનું આ ગૃહસ્થજીવન અનુકરણીય કહેવાય છે તેનું કારણ એ છે કે તેમણે પરસ્ત્રી તરફ તો કદી નજર જ ન કરી અને ભવ્ય દાખલો બેસાડ્યો. આ વાત અનુકરણ યોગ્ય છે. હવે મહાવીરે પાંચમા અણુવ્રતને કેવી રીતે પાળ્યું તે પણ આપણે જોઇએ અને તેને યોગ્ય રીતે અનુસરીએ.

પ્રકરણ ૧૮ મું.

વીરનો ગૃહસ્થાશ્રમ :

મહાવીરનો ગૃહસ્થાશ્રમ કેવો હતો તે અનેક ગ્રંથને આધારે અહીં ચીતરવામાં આવે છે. એક રીતે એ સાદા વ્યવહારૂ જીવનનું ચિત્ર છે અને શ્રાવક કેવો હોવો જોઇએ તે સર્વ રીતભાત અનુસરવા યોગ્ય છે. એ રીતે આ વિભાગમાં એ ગૃહસ્થના જીવનનો વિભાગ વર્ણવવામાં આવ્યો છે. તેનાં સર્વ પ્રકરણો એક બીજાં સાથે સંબંધ ધરાવે છે અને તે સર્વને એક હારમાળા તરીકે વાંચવા વિજ્ઞપ્તિ છે. પ્રકરણ જુદા કરવાનું કારણ માત્ર એક જ છે. પ્રકરણ અત્યંત વધારે પડતું મોટું થવું ન જોઇએ. પ્રકરણકે પારિગ્રાફ પાડવાનું કારણ વાચનારની સરળતા જ હોય છે અને તે દૃષ્ટિ નજરમાં રાખવામાં આવી છે.

હવે પાંચમું અનુવ્રત મહાવીરસ્વામીએ કેવી રીતે પાળ્યું અને ગૃહસ્થ જીવનમાં પોતાના નિયમને કેવી રીતે વળગી રહ્યા તે આપણે જોઇએ. એ પાંચમા વ્રતનું નામ પરિગ્રહ વિરમણ અનુવ્રત છે. પરિગ્રહના નવ પ્રકાર શાસ્ત્રકાર બતાવે છે અને આ હકીકત શ્રાવકે ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. આ એક દૃષ્ટિ બિન્દુ છે, બીજાં દૃષ્ટિ બિન્દુઓ આગળ વિચારવાનો પ્રસંગ હાથ ધરશું. એ જાણીતા પરિગ્રહના નવ પ્રકારો આ પ્રમાણે છે: ૧. ધન, ૨. ધાન્ય, ૩. ક્ષેત્ર, ૪. વાસ્તુ, ૫. રૂપું, ૬. સોનું, ૭. કુપ્ય, ૮. દ્વિપદ અને ૯. ચતુષ્પદ. મિલ્કતના કેવી દીર્ઘ નજરથી વિભાગ પાડવામાં આવ્યા હતા અને તેમાં કોઈ વસ્તુ બાકી ન રહી જાય તે પણ ખાસ જોવાનું છે.

આ કાળમાં કોઇ પ્રબળ આચાર્ય નીકળશે તો ફેક્ટરી તથા તેનું સાંચા કામ વધારશે એમ લાગે છે. આપણે તેનો નવની અંદર જ સમાવેશ કરશું તે નીચે જોવામાં આવશે. ભદ્રબાહુસ્વામી કૃત દશવૈકાલિક વૃત્તિમાં નિર્યુક્તિ કરતાં પરિગ્રહના છ વિભાગ કરવામાં આવ્યા છે: ધાન્ય, રત્ન, સ્થાવર, દ્વિપદ, ચતુષ્પદ અને કુપ્ય પ્રથમ ધન વિભાગમાં રોકડ, ઉઘરાણી અને લેણાનો સર્વ સમાવેશ થાય છે. જે પ્રકારને માણસ પોતાની રોકડ પુંજી ગણે, જેનું નામ રાખે કે લખાવે તે સર્વનો સમાવેશ આ પ્રથમ ધન વિભાગમાં થાય છે અને એમાં કોઈપણ રોકડ રકમ બાકી ન રહે તે ખાસ વિચારનો વિષય છે. બીજા ધાન્ય વિભાગને અંગે ચોવીશ પેટા વિભાગ બતાવવામાં આવ્યા છે. તેમાં જવ, ઘઉં, શાલિ (ચોખા), વ્રીહિ, સાઠી ચોખા, કોદરા (ચોખા નજીક ઊગતું ધાન્ય), સુગંધરી, કાંગ, રાલ (ધાન્યની જાતિ), તલ, મગ, અડદ, અલસી, ચણા, ત્રિપુરક (એ અનાજ માળવામાં થાય છે. ત્યાં તે ગોખરૂ કે ત્રિકંઠનાં નામે પ્રસિદ્ધ છે.) અથવા ત્રણ ધાન્ય એકઠાં કરવામાં આવે, તેવડી દાળ કરવામાં આવે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ ત્રિપુરક કહેવાય છે), વાલ, મઠ, ચોખા, અરટી, મસૂર, તૂર, કળથી, અણુચી અને વટાણા એમ ધાન્યના ચોવીશ પ્રકાર છે. દેશ વિશેષે નામ બદલાય છે, પણ તે જુદા જુદા પ્રકારના અનાજો જ છે અને તેનો ઉપયોગ સંસ્કારીને ખાવામાં થાય છે. ત્રીજા પ્રકારનો પરિગ્રહ ક્ષેત્ર છે, એમાં સર્વ સ્થાવર મિલ્કતનો સમાવેશ થાય છે. ખેતર, ઘર, દુકાન તે સર્વ ભૂમિ એમાં આવે છે અને ત્રીજા પ્રકારમાં નાળિએર વગેરે વૃક્ષોનો સમૂહ આવે.છે. એટલે કારખાનાં (ફેક્ટરી) પ્રમુખ સર્વ સ્થાવર મિલ્કતના આ ત્રીજા પેટા વિભાગમાં સમાવેશ થાય છે. ચોથા અને પાંચમા પ્રકારના પરિગ્રહમાં સોનું અને રૂપુ ગણવામાં આવ્યા છે, એટલે રોકડા સોના રૂપાના ગઠ્ઠા પણ તેમાં જ આવે છે અને સોના રૂપાના અનેક દાગીનાનો સમાવેશ અને ગણતરી પણ તેમાં જ થાય છે. અને સોના રૂપા સિવાય સર્વ ધાતુઓનો સમાવેશ છઠ્ઠા કુપ્ય પરિગ્રહમાં થાય છે અને તે ઉપરાંત સર્વ ચામડાનો સમાવેશ તેમાં જ થાય છે. વાસ્તુ નામના પરિગ્રહમાં ઘરનું ફરનીચર સર્વ આવે છે. ઘરમાં અને ઘરને માટે અનેક ટેબલ, ખુરશી વગેરે વસ્તુઓ વસાવેલી હોય તે સર્વ વસ્તુ કે મોટું પુસ્તકાલય (લાઇબ્રેરી) હોય તે સર્વ સાટ પાટલાનો સમાવેશ આ વાસ્તુ નામના પરિગ્રહમાં આવે છે. તેને ગણીને તેની વર્તમાન કિંમત મૂકવી એ આ પ્રકારના પરિગ્રહમાં આવે છે. છેલ્લે આઠમો અને નવમો પરિગ્રહ દ્વિપદ અને ચતુષ્પદનો આવે છે. દ્વિપદમાં એ પૈડાથી ચાલતી સર્વ ગાડી, ગાડાં અને બાકીમાં તો દાસ દાસી જેને અસલ ગુલામ તરીકે ખરીદવામાં કે રાખવામાં આવતા હતા. તેની કિંમત ગણાય અને ચતુષ્પદમાં ગાય, ભેંસ, ઘોડા વગેરે ચાર પગવાળા જનાવરોની કિંમત ગણાય, અથવા જે વસ્તુ ગણીને વેચાય તેને ગણિમ પરિગ્રહ કહેવાય છે. તોલથી જે વેચાય તે કુંકુમ કેસર ગોળ પ્રમુખ ધરિમ કહેવાય છે. ગોળ ઘી વગેરે માપથી વેચાય તે મેય કહેવાય છે અને કાપડ વગેરે પરીક્ષાએ વેચાય તે પારિચ્છેદ્ય ગણાય છે. એમ ચાર પ્રકારમાં સર્વ પરિગ્રહનો સમાવેશ થાય છે. આવી રીતનો અનેક પ્રકારે પરિગ્રહ છે, એમાં ખાસ મૂર્છા ન રાખવી, પોતાનાપણાનો તેના ઉપર આરોપ ન કરવો તે ખાસ વિચારવા યોગ્ય છે. વસ્તુ રાખવા કરતાં તે વસ્તુ પોતાની છે, તેનો પોતે માલેક છે એવી ભાવના કરવી તે ખાસ ત્યાજ્ય છે. મહાવીરસ્વામીએ રાજ્યના અનેક હોદ્દાઓ ભોગવ્યાં, પણ એ વસ્તુ પોતાની છે કે થવાની છે એમ કદી માન્યતા કરી નહિ અને તેના પર પોતાનું ધણીપતું છે એવી માન્યતા ધારી નહિ. એમના ઠરાવો અને હુકમોમાં પણ નમ્રતા હતી અને એણે કોઈ સેવકને પોતાના નોકર કે ગુલામ ગણ્યા જ નહિ અને કોઈ પ્રકારની ધણીપણાની માન્યતા કરી જ નહિ. તેમની નજર તો સર્વ પરિગ્રહ ત્યાગ ઉપર જ હતી, એટલે તેઓ કોઇ વસ્તુને કે પૌદ્‌ગલિક ચીજને પોતાની છે એમ કદી માનતા જ નહિ અને છતાં તેના ઉપર સ્વામીત્વ તો જરૂર દાખવતા હતા. એટલે સંસારમાં રહીને પણ સર્વ સંગ ત્યાગનો તેમણે અભ્યાસ કર્યો અને એ સર્વ અંતે ત્યાજ્ય ગણીને તેમણે મહાવ્રતની ભાવનાએ અનુવ્રતનો સ્વીકાર કરી પોતાનું લક્ષ્ય નજર સન્મુખ રાખ્યું. પરિગ્રહને અંગે આ વૃત્તિ રાખવી ઘણી મુશ્કેલ છે, સંસારમાં રહેવા છતાં આવી વૃત્તિ વસ્તુની ઓળખાણને અંગે રાખવી શકય છે એ મહાવીરે પોતાના જીવનથી બતાવી આપ્યું અને આ પાંચમા અનુવ્રતને તેઓએ બરાબર પાળ્યું. તેઓ તો કોઈ વસ્તુ ઉપર વાસના વગરના હતા અને મૂર્છા એ જ પરિગ્રહ છે એમ બરાબર સમજી તેના ત્યાગની જ અંદરથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવના ભાવતા હતા. તેમની નજર સન્મુખ નમિરાજર્ષિનું જીવન દૃષ્ટાંત રૂપે હતું અને આ રીતે મૂર્છા વગર તેમણે પાંચમું વ્રત પાળ્યું. રાજપુત્ર હોવાથી તેમની પાસે અનેક ચીજો તો આવતી હતી, પણ કોઈ ચીજ ઉપર એઓ મારાપણાનો આરોપ કરતા નહોતા અને છતાં સર્વ ચીજ પોતાની છે એમ જાણતા હતા. આવા પ્રકારની સર્વની અંદર રહેવું અને છતાં કોઈ વસ્તુને પોતાની ન જાણવી એ વૃત્તિ કેળવવી ઘણી મુશ્કેલ છે, પણ એ મુશ્કેલ કાર્ય શક્ય છે એમ મહાવીરે પોતાના દાખલાથી બતાવી આપ્યું.

આ રીતે પાંચે અનુવ્રત મહાવીરે પાળ્યા અને મોટી ખૂબીની વાત તો એ છે કે ઇચ્છાનો પારજ નથી, તેને આકાશ સાથે સરખાવવામાં આવે છે. જો આકાશનો છેડો આવે તોજ ઈચ્છાનો પાર પમાય, તેના ઉપર તેમણે કાબૂ દાખવ્યો અને કોઈ વસ્તુને જોતાં તે પોતાની થાય અને પોતે તેને અંગે હુકમો કરે એવી ભાવના પણ તેમની રહી નહિ. આ રીતે જેઓ નિરીહ થવાની જે ઈચ્છા રાખતા હતા તે સાધ્યે પહોંચવાનું ગૃહસ્થજીવન જીવી રહ્યા અને સર્વમાં હોવા છતાં જાણે કોઈમાં નથી એવી રીત દાખવતા રહ્યા. તેમણે સુખ કે ભોગની કોઈ ઇચ્છા કરી નહિ અને પોતાને અમુક વ્યાધિ થશે તેની આગામી ચિંતા પણ કરી નહિ અને પામેલી વસ્તુ પોતાની રહેશે કે નહિ તેની ચિંતા પણ ન કરી. એ ઉપરાંત તેઓ તદ્દન પ્રમાણિક જીવન જીવ્યા, જેનું જે હોય તેને તે આપવું અને તેઓ તો પોતાને સૂવાની જ માત્ર જગ્યા પોતાની છે અને સૂવાનો પલંગ પોતાનો છે એ વૃત્તિએ રહી જે વસ્તુ કે સ્થાન પર જેનો હક્ક હોય તેને તે આપતા રહ્યા, કોઇનો હક્ક ડુબાવવો એ તેઓથી કદી બનતું જ નહિ અને તેમને કોઇ જાતનો શોખ નહોતો. અણહક્કનું કાંઈ લેવું કે કોઇનો હક્ક ડુબાવવો એ તેમને માટે અશક્ય હતું અને તેમની આવી વૃત્તિને લીધે તેઓ ઘણા લોકપ્રિય થયા હતા. જે માણસ કોઇનો હક ન ડુબાડતા જેનો જે હક હોય તે આપે અને તેમાં જરા પણ ગોટા ન વાળે, આ સર્વ પ્રકારનું વલણ માણસને લોકપ્રિય બનાવે છે, તેની આબરૂ અને કીર્તિ વધે છે અને તેને માટે માન ઉત્પન્ન થાય છે. આવી રીતે રાજ્ય-કાર્ય ન કરનાર લોકોમાં અપ્રિય થાય છે અને જનતાનું અહિત જોનાર રાજ્યમાં અપ્રિય થઇ પોતાનું મહાન સ્થાન ગુમાવી બેસે છે, પણ મહાવીરસ્વામીએ પોતાની જીવન નૌકા એવી રીતે ચલાવી કે તેમણે રાજ્યનું હિત વધારવા સાથે લોકોનું હિત પણ સાધ્યુ અને તે બન્ને વાતમાં કાંઈ પણ વિરોધ નથી એમ પોતાના દાખલાથી બતાવી આપ્યું. આ નિષ્પરિગ્રહતાથી તેમની નજર લોકહિત તરફજ રહી અને રાજ્યની નજરે તેઓએ કોઈપણ પ્રશ્ન વિચાર્યો જ નહિ. બધામાં હોવા છતાં જાણે કોઇમાં નથી એવી વૃત્તિને તેઓએ કેળવી અને મહાવીર કરે તે ખરૂં એવી નામના આ પાંચમા અનુ-વ્રતને લઇને કરી, કારણ કે માણસ નિસ્પૃહ થઈ જાય છે તેમ તેનું વચન કોઈ લોપતું નથી, તેનો હુકમ પ્રેમથી ઉપાડી લે છે અને તેની આજ્ઞા પાળવી એ પોતાનો ધર્મ છે એમ ગણી તેને મહેરબાની તરીકે ઉપાડી લે છે. આવી લોકપ્રિયતા અમલદાર વર્ગે મેળવવી એ ઘણી મુશ્કેલ વાત છે પણ તે શક્ય છે અને જાણવું કે વૈશાલી નગરનો આ ક્ષત્રિયકુંડ વિભાગ ગણતંત્રમાં હતો, એટલે ત્યાં લોકોનું રાજ્ય હતું અને લોકો બહુબોલા અને જેવું મનમાં હોય તે પ્રગટ કરનાર હતા. આ વૈશાલીનું ગણતંત્ર એ તે કાળમાં સારી રીતે પ્રખ્યાત હતું અને વર્ધમાને તેમાં સારો ઉમેરો કર્યો હતો.

(ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાયોત્સર્ગ (૭)

—દીપચંદ જીવણલાલ શાહ

આધ્યાત્મિક ઉન્નતિ માટેની ઝંખના ઓછા માણસોમાં જાગે છે. આ ઝંખના જાગૃત થયા પછી માણસની સંસારના તમામ પ્રકારની કીર્તિ આદિની ઈચ્છા ચાલી જાય છે, સંસારમાં મેળવવા જેવું કાંઈ નથી તેમ તેને લાગે છે. આત્મા આત્મજ્ઞાન માટે તલસે છે તેથી મનુષ્યની આરાધનાનું લક્ષ્ય આત્મતત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું બને છે, આત્મજ્ઞાન મનની શાંત અવસ્થામાં લભ્ય હોય છે, મન જ્યાં અટકે છે ત્યાંથી મનથી પરનું તત્ત્વ કાર્યકર બને છે. મન શાંત થાય ત્યારે તેમાં આત્મા પોતાનું પ્રતિબિંબ જોઈ શકે છે. સિદ્ધાંતોનાં વાંચન, શ્રવણ કે અધ્યયનથી આત્મજ્ઞાન મેળવવા યત્ન કરવો જોઈએ. શાસ્ત્રો દ્વારા આત્મતત્ત્વનું જ્ઞાન અને તેની પ્રાપ્તિનાં સાધનો જાણી શકાય છે. શ્રવણ અને વાંચન સાધકને અહીં સુધી પહોંચાડે છે; ત્યાર પછીનો પંથ સાધકે પોતેજ શોધવાનો છે. જે સાંભળ્યું, જે વાંચ્યું તે જીવનમાં અનુભવવું રહ્યું. શ્રુતિથી, તર્કથી, કે આગમથી આત્માની બૌદ્ધિક પ્રતીતિ મળે પણ ગમે તેટલું વાંચો, સાંભળો કે વાદવિવાદ કરો પરંતુ જ્યાં સુધી ઇંદ્રિયો કે મનની સહાય વિના આત્મા પોતે સાક્ષાત્ આત્માને ન જુએ ત્યાં સુધી આત્મા વિષેની સમજ અધુરી રહે છે. એકવાર આત્માને નિજાનંદનો અનુભવ થઈ જાય ત્યારે તે આત્મતત્ત્વને સમજી શકે છે. આત્મજ્ઞાન કાઉસ્સગ્ગ-ધ્યાનવડે સિદ્ધ થાય છે. આત્મજ્ઞાનની ઈચ્છાવાળાએ ચિત્ત (મન)ની શુદ્ધિ અને એકાગ્રતા પ્રાપ્ત કરવી જોઈએ અને તે કાઉસ્સગ્ગ–ધ્યાન દ્વારા પ્રાપ્ત કરી શકાય છે.

કાયોત્સર્ગ એક પ્રકારનું પ્રશસ્ત ધ્યાન છે. આત્મશુદ્ધિના ઉપાયોમાં કાયોત્સર્ગ ઉત્તમ છે કારણકે તે પ્રશસ્ત અધ્યવસાયોની વૃદ્ધિ કરે છે અને મલિન અધ્યવસાયોને દૂર કરે છે. તેથી કાયોત્સર્ગને ષડાવશ્યકમાં વિશિષ્ટ સ્થાન આપેલ છે. કાયોત્સર્ગ નીચે બતાવેલ કારણો માટે કરવામાં આવે છે (૧) લાગેલાં પાપોને દૂર કરવા, (૨) અંતરના મળનો નાશ કરવા, (૩) શલ્યરહિત થવા, (૪) શ્રદ્ધાની વૃદ્ધિ કરવા, (૫) બુદ્ધિને નિર્મળ કરવા, (૬) ચિત્તની (મનની) સ્વસ્થતા વધારવા, (૭) દેવદેવીઓથી કરાયેલા ઉપદ્રવોને મધ્યસ્થભાવથી સહન કરવા.

કાયોત્સર્ગ બે પ્રકારના છે. (૧) ચેષ્ટાકાયોત્સર્ગ, (૨) અભિનવ કાયોત્સર્ગ. જે કાયોત્સર્ગ ગમનાગમન કે વિહાર પછી દિવસના અંતે, રાત્રીના અંતે, પક્ષના અંતે, ચાતુર્માસના અંતે કે સંવત્સરના અંતે કરવામાં આવે છે તેને ચેષ્ટાકાયોત્સર્ગ કહે છે. ચેષ્ટાકાયોત્સર્ગનું કાલ–માન અમુક શ્વાસોશ્વાસનું હોય છે અને જે કાયોત્સર્ગ તિતિક્ષાશક્તિ કેળવવા માટે કે પરિષહો પર જય મેળવવા માટે ખંડેરમાં સ્મશાનભૂમિમાં કે જંગલમાં જઇ કરવામાં આવે છે તેને અભિભવ કાયોત્સર્ગ કહે છે. અભિભવ કાયોત્સર્ગનું કાલ–માન જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી બાર માસનું હોય છે.

કાયોત્સર્ગમાં આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનનો આશ્રય લેવાથી પ્રસન્ન ચંદ્રરાજર્ષિએ સાતમી નારકીને યોગ્ય કર્મ–દલો બાંધ્યા હતા અને પુનઃ ધર્મધ્યાન અને શુકલધ્યાન પર આરૂઢ થતા ઉપરના બાંધેલા કર્મોનો ક્ષય કરી તેઓએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. મહાત્મા દૃઢપ્રહારી, ચિલાતીપુત્ર, ગજસુકુમાલ, અવંતિસુકુમાલ વગેરેએ પણ કાયોત્સર્ગથી કેવળજ્ઞાન અને મોક્ષ પ્રાપ્ત કર્યા હતા.

કાયોત્સર્ગને લીધે સંસારી જીવ દેહની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જડતા દૂર કરે છે અને સમભાવપૂર્વક અનુપ્રેક્ષા (ભાવના) અથવા તત્વચિંતન કરી શકે છે.

ભગવાન મહાવીર કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા માટે કાયોત્સર્ગ–ધ્યાનમાં રહેતા હતા એમ તેમના જીવન પરથી આપણને જણાય છે.

કાયોત્સર્ગના બે શબ્દો છે. (૧) કાયા અને (૨) ઉત્સર્ગ. તેથી કાયોત્સર્ગ કરતી વખતે સાધક શરીર પરતું ભાન ભૂલી જઇ આત્મભાવમાં પ્રવેશ કરે છે. શરીરની ક્રિયાઓને રોકી, મૌન રહી, ધર્મધ્યાન દ્વારા મનને એકાગ્ર કરવામાં આવે એવો કાયોત્સર્ગ આત્મશુદ્ધિ માટે વિશેષ મહત્વ ધરાવે છે. કાયોત્સર્ગમાં ઘણેભાગે અમુક સંખ્યામાં લોગસ્સ (ચતુર્વિંશતિ સ્તવ) ગણવામાં આવે છે કારણકે જૈન સમાજમાં લોગસ્સનું ઘણું મહત્વ છે. લોગસ્સ-ભક્તિસાહિત્યની એક સુંદર રચના છે. તેના દરેક શબ્દમાં ભક્તિનો ભાવ છુપાયેલો છે. ભગવાનના નામમાં અપાર શક્તિ રહેલી છે. શ્રી ઋષભદેવથી લઈ ભગવાન મહાવીર સુધીના ચોવીશ તીર્થંકરો આપણા ઇષ્ટદેવ છે. અહિંસા અને સત્યનો માર્ગ દર્શાવનાર છે, વળી તીર્થંકરોનું સ્મરણ હૃદયને પવિત્ર બનાવે છે અને વાસનાની અશાંતિને દૂર કરે છે. ભગવાન ઋષભદેવનું નામ લેવાથી ઋષભદેવ ભગવાને અસંસ્કારી માનવને સર્વ પ્રથમ માનવ–સભ્યતાનો બોધ આપ્યો તે વખતનો કાળ યાદ આવે છે. ભગવાન નેમિનાથનું સ્મરણ કરવાથી તેમણે પશુઓ પર દયા લાવી રાજીમતીનો ત્યાગ કરી ગીરનાર પર ચાલ્યા ગયા તે પ્રસંગો ધ્યાનમાં આવે છે. ભગવાન પાર્શ્વનાથનું સ્મરણ કરવાથી તેમણે નાગ–નાગણીને બચાવ્યા અને કમઠના ભયંકર ઉપદ્રવો સહન કર્યા તે ચિતાર નજર સમક્ષ આવે છે. શ્રી ભગવાન મહાવીરના નામનું સ્મરણ કરવાથી તેમણે બાર વર્ષો સુધી ઘોર તપસ્યા કરી, ભયંકર ઉપસર્ગો સહન કર્યા, ચંદનબાળાના હાથે અડદના બાકળા વહોર્યા, અગિયાર ગણધરોને બોધ આપ્યો તે બધા પ્રસંગો નજર સમક્ષ આવે છે.

એક કાઉસ્સગ્ગનો સમય પચીશ શ્વાસોશ્વાસનો છે તેથી કાઉસ્સગ્ગમાં લોગસ્સ ચંદેસુનિમ્મલયરા સુધી જ ગણવાનો છે લોગસ્સ પુરો ગણવાનો નથી. અમુક પ્રસંગેજ પુરો લોગસ્સ કાઉસ્સગ્ગમાં ગણાય છે; લોગસ્સ અરિહંતદેવોની ભક્તિના શબ્દોથી ભરપૂર છે તેથી લોગસ્સ ધ્યાન માટે ઉપયોગી છે.

ત્રાટક :–

ત્રાટક ધ્યાનનો એક પ્રકાર છે. કોઈ વસ્તુમાં એક સ્થિર દૃષ્ટિથી જોઈ રહેવું તેને ત્રાટક કહે છે. આંખમાં પાણી આવે એટલે થાક ખાવો જોઇએ અને પુનઃ ત્રાટકનો અભ્યાસ શરૂ કરવો જોઇએ. ત્રાટક કાળી વસ્તુ પર કરવાથી આંખને કોઈ જાતની ઈજા થતી નથી. પ્રથમ પાંચ મીનીટ એમ ધીમે ધીમે ત્રાટકનો અભ્યાસ વધારતા જવું, કોઈ કાળા રંગના ફુલપર ત્રાટક કરવો જોઇએ. કોઈ કાગળ પર ૐકાર લખી આંખ સમાન સ્થાપી અર્ધા કલાક સુધી ત્રાટક કરવો જોઇએ અથવા કોઈ ઇષ્ટદેવની પ્રતિમા પર અર્ધા કલાક સુધી ત્રાટક કરવો જોઇએ. ત્રાટક કરતી વખતે મનમાં કોઈ પણ જાતના વિચારો કરવા નહિ. જે જે વિચારો આવે તેને દૂર કરવા જોઇએ જો વિચારો દૂર ન થાય તો તે વખતે અજીત શાંતિ સ્તવન, ભક્તામર સ્તોત્ર અથવા કલ્યાણ મંદિર સ્તોત્રના અમુક શ્લોકો માનસ જપથી કરવા. શ્લોકો માનસ જપથી કરતી વખતે તેમના અર્થો પર ધ્યાન રાખવું આ પ્રમાણે કરવાથી મન બીજા વિચારો કરતાં અટકશે શાંત થશે અને એકાગ્ર થશે.

ત્રાટક નાકની દાંડી પર, હૃદય પરના અનાહત ચક્ર પર, મણિપુર ચક્ર પર અથવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બે ભ્રમર વચ્ચે આવેલ વિશુદ્ધ ચક્ર પર પણ થઇ શકે છે.

સાધકે મન શું છે અને મનની શુદ્ધિ અને એકાગ્રતા કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તે જાણવાની જરૂર છે.

શ્રીમદ્ આનંદઘનજી એ મન પર નીચે પ્રમાણે જણાવે છે :—

(૧) જે જે કહું તે કાન ન ધારે,
આપ મતે રહે કાલો;
સુર નર પંડિત જન સમજાવે,
સમજે ન મારો સાલો
હો કુંથુજિન મનડું કિમહિ ન બાઝે.

સાલાનો અર્થ અહીં કુમતિનો ભાઈ સમજવો.

(૨) મેં જાણ્યું એ લિંગ નપુંસક,
સકલ મરદને ઠેલે;
બીજી વાતે સમરથ છે નર,
એહને કોઈ ન જેલે
હો કુંથુજિન મનડું કિમહિ ન બાઝે.

મન કેવું તેથી તેને નપુંસક જાતિ છે.

શ્રીમદ્ રત્નાકરસૂરિએ પણ મન પર નીચે પ્રમાણે રત્નાકર પચીશીમાં જણાવેલ છે:—

મરકટ સમા આ મન થકી
હું તો પ્રભુ હાર્યો હવે.

શ્રી કેશી મુનિ ગૌતમસ્વામીને પૂછે છે કે તમે મનરૂપી ઘોડાને કેવી રીતે વશ કર્યો? ત્યારે ગૌતમસ્વામીએ કહ્યું કે, મારા મનરૂપી ઘોડાને શાસ્ત્રરૂપી લગામથી વશમાં રાખું છું અને જ્ઞાનરૂપી લગામથી વશ થયેલો તે સન્માર્ગે જાય છે. મનને કાબૂમાં રાખવા માટે શાસ્ત્રમાં જે જે ઉપાયો બતાવ્યા છે તેમનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવું જોઇએ અને તેમનું અનુસરણ એજ મનને શુદ્ધ કરવાનો અને એકાગ્ર કરવાનો ઉપાય છે. સમ્યગ્ દર્શનથી મનનો વેગ ધ્યેય તરફ કેન્દ્રિત થાય છે, સમ્યગ્ જ્ઞાનથી ક્રોધ, માન, માયા અને લોભરૂપ મનનો મેલ ધોવાઈ જાય છે અને પંચ મહાવ્રત તથા સમતિ–ગુપ્તિરૂપ સમ્યગ્ ચારિત્રથી મનનો વિક્ષેપ ઘટતો જાય છે અને શુદ્ધ અને એકાગ્ર થાય છે.

ગીતામાં અર્જુને કૃષ્ણ ભગવાનને પૂછયું હતું કે મન બહુ ચંચળ હોવાથી મનને કબજે કરવું મુશ્કેલ છે તેના જવાબમાં ભગવાને કહ્યું કે મન અગર જો કે બહુ ચંચળ છે તો પણ અભ્યાસ અને વૈરાગ્યથી મનને વશ કરી શકાય છે. શરીરના રક્ષણ માટે જેમ રોજ નિયમસર જમવાની જરૂર પડે છે તેમ મનને એકાગ્ર કરવા માટે દરરોજ એક કલાક જપ કે ધ્યાનની ટેવ (અભ્યાસ) પાડવાની જરૂર છે. તે વખતે ચોક્કસ જગ્યાએ, ચોક્કસ વખતે, ચોક્કસ રીતે જપ કે ધ્યાન કરવાની ટેવ પાડવી જોઇએ. શરૂઆતમાં મન કાબુમાં ન આવે તો પણ ધીરજ રાખવી, જે મનને બહારના વિષયોમાં રખડવાની ટેવ પડી ગઇ હોય છે તે એકદમ એકાગ્ર થતું નથી. અભ્યાસની સાથે સંયમની જરૂર છે. સંયમ શાંતિ આપનાર છે. તેથી ખાસ અગત્યના કામ સિવાય બીજા કામ કરવાં નહિ. ખાસ જરૂરી વાતો સિવાય બીજી વાતો કરવી નહિ અને સાંભળવી નહિ અને ખાસ જરૂરી વિચાર વિના બીજા વિચારો કરવા નહિ. વળી સાધકે સાત્ત્વિક ખોરાક લેવો જોઇએ અને ઉણોદરી વ્રત પાળવું જોઇએ; એટલે કે ભૂખ કરતાં ઓછું ખાવું જોઇએ. વળી તેણે સાંજે બહુ ઓછું ખાવું જોઇએ; અમુક દિવસે પ્રવાહી લેવું જોઇએ અને કોઈ કોઈ દિવસે ઉપવાસ પણ કરવા જોઇએ તેથી તે દિવસે જપ કે ધ્યાન વધારે કલાકો કરી શકાય.

ધ્યાન વખતે વિચાર આવે તો પોતાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમજાવવું કે દેહભાવે જે "હું" એમ માની બેઠો છું તે મારૂં સ્વરૂપ નથી. તે દેહ માંસ, લોહી, ચરબી, હાડકાં વગેરેનો બનેલો છે. શરીર અન્નથી વધે છે તેથી તે અન્નનું બનેલું છે, આત્મા દેહથી જુદો છે, જન્મ પહેલાં અને મરણ પછી અન્નમયકોશોનો નાશ થાય છે તેથી દેહ નાશવંત છે અને આત્મા અમર છે. આ અભ્યાસનું પ્રથમ પગથીયું છે. જે જે લાગણીઓ ઉત્પન્ન થાય છે તે મારૂં (આત્માનું) સ્વરૂપ નથી. પ્રાણમયકોશને વાસનામયકોશ કહે છે. દરેક સાધકને વિક્ષેપો વાસનાને લીધે નડે છે. પ્રાણમયકોશો એ સૂક્ષ્મ શરીર છે, પ્રાણમય કોશ આત્માથી જુદો છે. આ અભ્યાસનું બીજું પગથીયું છે.

જે વિચારો કરે છે તે "હું" નથી. મનના વિચારો પાંચ ઇન્દ્રિયોના વિષયોમાંથી આવે છે તે મારૂં (આત્માનું) સ્વરૂપ નથી. આત્મા એ વિચારોનો દ્રષ્ટા છે, ઘણા વર્ષો સુધી મન, પ્રાણ અને શરીરને ભૂલથી આત્માએ પોતાનું સ્વરૂપ માન્યું હતું તેનાથી જુદા રહી આત્માએ વિચાર કરવાનો અભ્યાસ પાડેલ નથી. જપ અથવા ધ્યાન વખતે મન બહારની વસ્તુઓના સંકલ્પ કરવા લાગે તો મનને સમજાવવું કે "હે મન! તું કયા પ્રયોજન માટે ભટકે છે?" એવી રીતે મનને સમજાવી તેને શાંત કરવું આ અભ્યાસનું ત્રીજું પગથીયું છે.

પછીના બન્ને અભ્યાસના પગથીયા યોગી અથવા ત્યાગીઓ માણસો માટે છે. તે વિજ્ઞાનમયકોશના અને આનંદમયકોશના ચોથા અને પાંચમા પગથીયા છે.

ધ્યાન કરનાર (સાધક)ને ઉપયોગી સૂચનાઓ :

ધ્યાન શરૂ કરતી વખતે સાધકને બહુ વિચારો આવે છે તેનું કારણ એ છે કે તે વિચારોને તેણે પોતાના માન્યા હતા; હવે તેને તે વિચારો જોઈતા નથી તેથી ધ્યાન વખતે તે વિચારો વેર લેવા આવે છે. આ વિચારોથી જપ કે ધ્યાન શરૂ કરનાર સાધકે ગભરાવું નહિ. તે વિચારોને આપણે દૂર કરવાના છીએ તેથીજ તેઓ પોતાનું બળ અજમાવવા આવે છે વળી સાધકે જાણવું જોઇએ કે તે વિચારો એકદમ દૂર કરી શકાય નહિ પણ ધીમે ધીમે જેમ જપ અને ધ્યાનમાં પ્રગતિ થતી જશે તેમ દૂર કરી શકાય છે. વિચારોને દૂર કરવા ઝગડવું નહિં એટલે કે તેમને અટકાવવાનો યત્ન કરવો જોઇએ નહિ. જો સાધક તેમને બળપૂર્વક દૂર કરવા યત્ન કરશે તો તે વિચારો બમણા જોરથી સાધકને હેરાન કરશે પણ તે વિચારો આવતા હોય ત્યારે તે વિચારોને સાક્ષીભાવે જોવા જોઇએ. આમ કરવાથી મન અમુક સમયે શાંત (વિચારવિનાનું) થશે.

કોઈ સમયે સાધકને મન પર બળજબરીથી અંકુશમાં લાવવાની જરૂર પડે છે તેથી મન દુષ્ટ વિચારો કરતાં અટકશે અને ત્યાર પછી જપ કે ધ્યાનમાં મન એકાગ્ર થશે.

દરેક સાધકે મનના દુષ્ટ વિચારોને અટકાવવાની ટેવ પાડવી. જ્યારે અમુક વિચારો આવતાં હોય છે ત્યારે અમુક સારો વિચાર લઇ તે વિચારને આધારે બીજા વિચારો અટકાવવા પ્રયત્ન કરવો અને તે પછી તે વિચારને પણ સરળતાથી દૂર કરવા યત્ન કરવો.

સાધકે એક વિચાર ઉત્પન્ન થઇને નાશ પામે અને બીજો વિચાર આવે તેની વચ્ચેનો વિચાર (કલ્પના) વગરનો સમય વધારતાં રહેવું જોઇએ એટલે કે એક વિચાર ઉપરથી બીજા વિચાર ઉપર એકદમ ચડી જવું નહિ. જો સાધક બન્ને વિચારોને જોડે નહિ તો તે વચલી દશામાં આત્માની જાગૃતિ સારી રહેશે અને વિચારોનો પ્રવાહ કમી થઈ જશે. તે શુન્ય અવસ્થા ટકવા દેવી તે વખતે કંઈ નવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનુભવ થવા લાગશે. એવું થાય ત્યારે તે નવા અનુભવ તરફ ધ્યાન રાખવું. આ નવા અનુભવ વખતે સાધક હવા જેવો હલકો થઈ જશે. પોતે દેહમાં છે કે બહાર છે તેનું ભાન રહેશે નહિ; આ અનુભવ શબ્દોમાં વર્ણવી શકાય તેવો નથી.

દરેક સાધકે પોતાનો જમણો હાથ લાંબો કરી બેસવું, પછી તેની પાંચ આંગળીઓ પાંચ ઇંદ્રિયો છે એમ ધારણા કરવી. ડાબા હાથને લાંબો કરી તેની ચાર આંગળીઓ મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર (અહમ-હુંપણું) એમ ધારણા કરવી. એ બધાને જોનાર હું જુદો છું એવું ધ્યાન કરવું.

ઘણા સાધકો એવી ફરિયાદ કરે છે કે અમુક સમયથી જપ અથવા ધ્યાન કર્યા છતાં ચિત્ત (મન) એકાગ્ર થતું નથી એટલે કે મનમાં સંકલ્પ વિકલ્પ ચાલ્યા જ કરે છે. ચિત્તને એકાગ્ર કરવા માટે અમુક નિયમો પાળવા જરૂરના છે. જે મનુષ્યોનો વ્યવહાર અશુદ્ધ છે અને જેઓનો વ્યવહાર વિસ્તૃત છે તેમનું ચિત્ત સ્થિર થતું નથી તેથી ચિત્તને સ્થિર (એકાગ્ર) કરવાની ઈચ્છાવાળાએ પોતાના વ્યવહારને શુદ્ધ બનાવવો જોઇએ અને મર્યાદિત કરવો જોઇએ. પોતાના વ્યવહારને શુદ્ધ અને મર્યાદિત કર્યા પછી જપ કે ધ્યાન સારી રીતે કરી શકાય છે.

જપ અથવા ધ્યાન શા માટે :

પાશ્ચાત્ય મનોવિજ્ઞાનિકોએ મનના બે ભાગ પાડેલ છે (૧) જાગૃત મન (Conscious mind) (૨) અજાગૃત મન (Unconscious mind) જાગૃત મન ૧/૧૦ ભાગનું છે અને અજાગૃત મન ૯/૧૦ ભાગનું છે. વળી જાગૃત મન કરતાં અજાગૃત મન બહુજ શક્તિશાળી છે, વળી તેમાં મનુષ્યની અતૃપ્ત ઇચ્છાઓ દબાયેલી પડેલી હોય છે. આ અતૃપ્ત ઈચ્છાઓ મનુષ્યને બહુ હેરાન કરે છે એટલે કે તેને અસ્વસ્થ બનાવે છે. ઈચ્છાઓ કઈ કઇ છે એ જો મનુષ્ય જાણી શકે તો તેને મનને એકાગ્ર કરવું સહેલું પડે છે, તેથી મનુષ્યે શાંત સ્થળે અઠવાડીયાના અમુક સમયે બેસીને આત્મ નીરીક્ષણ કરવું જોઇએ, વળી તેને જે જે સ્વપ્નાઓ રાત્રે આવતા હોય તે તે સ્વપ્નાઓનો પણ અભ્યાસ કરવો જોઈએ. જો મનુષ્ય આમ આત્મનીરીક્ષણ અને સ્વપ્નાઓનો અભ્યાસ કરશે તો તેને માલુમ પડશે કે તેનામાં અમુક અતૃપ્ત ઈચ્છાઓ દબાયેલી પડેલી છે; તેથીજ તેને તેનું મન હેરાન-પરેશાન કરે છે. આ અતૃપ્ત ઈચ્છાઓનું ઉર્ધ્વીકરણ (Sublimation) કરવાની જરૂર છે. અમુક Hobbies (વ્યવસાયો) કેળવવાથી મન તેની અંદર રોકી શકાય છે તેથી મનુષ્યને તેનું મન હેરાન પરેશાન કરતું અટકે છે. જપ અને ધ્યાન પણ ઉર્ધ્વીકરણની એક સરસ રીત છે. જો મનુષ્ય જપ અને ધ્યાનમાં દિવસનો અમુક સમય પસાર કરશે તો તેનું મન ધીમે ધીમે અમુક સમયે શાંત થશે અને તેને તે પછી તેનું મન હેરાન-પરેશાન કરશે નહિ માટે દરેક મનુષ્યને જપ અથવા ધ્યાન કરવાની જરૂર છે.

સાધકે પોતે ચમત્કાર કરવા નહિ તેમજ ચમત્કારની વાતો સાંભળવી નહિ તેમજ ચમત્કારની વાતો બીજાને કહેવી નહિ. આ દુનિયામાં બે પ્રકારના લોકો છે (૧) ધૂર્ત (૨) મૂર્ખ. ધૂર્ત લોકો મૂર્ખ લોકોને બનાવીને આનંદ પામે છે અને મૂર્ખ લોકો ધૂર્તોથી બનીને આનંદ પામે છે. આ બધો ધૂર્ત લોકોનો અને મૂર્ખ લોકોનો આનંદનો ખેલ છે. ચમત્કારો જોવાથી, તેમની વાતો સાંભળવાથી અને તેમની વાતો બીજા પાસે કરવાથી ચિત્ત (મન) ચંચળ થાય છે, તેની એકાગ્રતા ચાલી જાય છે અને ચિત્ત પર ખરાબ સંસ્કાર પડે છે; માટે સાધકે ચમત્કારોથી દૂર રહેવું જોઇએ, કારણ કે જે કાંઈ મનુષ્યને સમજાતું નથી તેને તે જાદુ (ચમત્કાર) જેવું લાગે છે. ●

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બ્રહ્મચર્ય

(ગતાંકથી ચાલુ)

લેખક : શાહ ચતુર્ભુજ જેચંદ

હવે મનુષ્યો કેવી જુદી જુદી પરિસ્થિતિમાંથી પસાર થઇને બ્રહ્મચર્ય વ્રત પૂર્વક સંયમ ધર્મના પાલન તરફ વળે છે તેનો વિચાર કરીએ. જીવ જુદી જુદી ગતિ જાતિ જીવાયોની-માંથી પસાર થઇને મનુષ્યપણે જન્મે છે. તે પૂર્વભવોની મૈથુન ભાવ વિષયવાસના સાથે જન્મે છે તે મૈથુન ભાવ અનાદિકાળથી કામ કરે છે. અને આસક્તિપૂર્વક વિષય ભોગ ભોગવ્યા પછી તેની વારંવાર ભૂખ આસક્તિ જાગે છે અને ગમે તેટલા ભોગ ભોગવ્યા પછી પણ તેની તૃપ્તિ થવાને બદલે વિષયવાસનાની વૃદ્ધિ થાય છે. શરીર બળ રૂપ લાવણ્યથી આકર્ષાઈ સ્ત્રી પુરુષો ગમે તેટલા આસક્તિપૂર્વક વિષય સુખ ભોગવે છતાં વિષય સુખથી કોઇને લાંબો કાળ તૃપ્તિ–શાંતિ થઈ હોય તેવા કોઈ દાખલા અનુભવ કહેતા નથી. ગમે તેવા ક્ષુધાતૂરની ક્ષુધા ગમે તેવા રસમય આહારની લાલસા તૃપ્ત કરવાનું કામ ઘણું સહેલું છે. મીઠાઇ પકવાનના ભોજન યથેચ્છપણે ખાવા મળનારની ભૂખ થોડા વખતમાં ભાંગી જાય છે અને મીઠાઈના રસભર્યા આહાર પ્રત્યે અભાવો અરૂચી પેદા થાય છે. પણ ગમે તેટલી રૂપ લાવણ્યમય સુંદરીઓ સાથે લાંબો કાળ વિષયભોગ ભોગવીને પણ કોઈની વિષયાસક્તિ તૃપ્ત કે શાંત થયાનું અનુભવાતું નથી કે તે પ્રત્યે અરૂચી અભાવો પેદા થતો નથી. વિષયભોગ પછી ક્ષણિક સુખ આનંદ મળે પણ થોડા જ કાળમાં વિષયવાસના ફરી ફરી જાગૃત થાય છે અને વધારે પડતા વિષયભોગ પછી શારીરિક ક્ષીણુતા નબળાઇ અનુભવાય છે ત્યારે વિષય ભોગ પ્રત્યે વિરક્તિ થવા બદલે વિષયસુખ ભોગવી નહિ શકવાથી અતૃપ્તિ અસંતોષ પેદા થાય છે. વધારે પડતા વિષયભોગ પછી શારીરિક ક્ષીણુતા અથવા પારશ્રમ કારણે આરામ લેવા પુનઃ કામબળ મેળવવા કેટલોક વખત સ્થુલ બ્રહ્મ-ચર્ય પાલન મૈથુન ત્યાગ કેટલાક કરે છે. પણ વિષયભોગ અસાર છે–ત્યાગ કરવા લાયક છે તેવી કોઈ આત્મ બુદ્ધિથી તેમ થતું નથી. તો પણ કેટલાકને માટે તેની પૂર્વ ભૂમિકા રચાય છે અને ગમે તેટલા વિષયભોગ પછી શારીરિક માનસિક તૃપ્તિ થતી નથી તેમ થોડી સમજણ આવતા, કાંઈક આત્મ જાગૃતિ થતાં વિષયભોગ વિષે અસારતા સમજાય છે, કેટલાક અભાવો વિરક્તિ પેદા થાય છે અને વિષયભોગ ઉપર કાંઇક અંકુશ નિગ્રહ મૂકવા વિચારે છે, પણ તેનો અમલ કરવાનું કામ ઘણું દુષ્કર છે. મનુષ્યનું મન વિષયભોગ માટે ગમે તેમ ભટકે છે, વલખે છે અને વિષયભોગ માટે ગમે તેવા મલીન દુષ્ટ વિચારો સેવે છે. બહારથી સારા દેખાતા કેટલાક માણસોની આંતરવૃત્તિ વિષય ભોગ બાબત ઘણીવાર મલીન હોય છે. સારા માણસોને પણ સ્વપ્નામાં વિષયભોગના વિચારો ઉત્તેજના આવે છે. શરીરથી મૈથુન ત્યાગ કરનાર પણ કેટલીકવાર મનમાં મૈથુન સેવન કરતા હોય છે. સ્વપ્નાવસ્થામાં વિષયવાસના જોર કરતાં સ્વપ્નસ્રાવ થઈ જવાનો ઘણાને અનુભવ છે. કંચન ધન પ્રાપ્તિ માટે મનસુબા કરતાં મનપસંદ કામિનિની પ્રાપ્તિ માટે વિષયાસક્તના મનસુબા અનેક ગણા વધારે શેખચલ્લીના મનસુબા જેવા હોય છે. તે મનુષ્ય લોકથી માંડી પરભવમાં દેવલોકમાં પણ વિષયભોગ ભોગવવાની કલ્પના કરે છે. વિષયભોગ કુદરતી માર્ગે નહિ તો બીન કુદરતી માર્ગે કૃત્રીમ સાધનોથી ભોગવવા પ્રયાસો, કલ્પનાઓ કરી, પીડાય છે. એવા વિષય વિકારથી પીડાતા મનુષ્યની દશા દારૂડીયા માફક ઘણી કરૂણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જનક હોય છે. અને તેમનું વર્તન ઘણું ધૃણાજનક હોય છે. તેમને કંઈક જાતિય વિષયક ચેપી રોગ થાય છે અને નપુંસકતાની શરમજનક સ્થિતિ અનુભવે છે.

એ સ્થિતિમાં સામાન્ય ધર્મ ભાવના ધરાવતા કેટલાક સમજદાર મનુષ્યો વિષયભોગ જનિત માનસિક અને શારીરિક રોગમાંથી છૂટવા શરીરના બીજા રોગ નિવારણ માટે લેવાતી દવા અને આહાર પરેજીના પાલન માફક સ્થૂલ બ્રહ્મચર્ય પાલન તરફ વળે છે. દવા પરેજી ઉપચારથી શરીર રોગનું નિવારણ થઈ શકે પણ માનસિક રોગનું નિવારણ થઈ શકે નહિ. તેમ સ્થૂલ બ્રહ્મચર્ય પાલનથી વિષયભોગના અતિરેકથી થતાં શારીરિક રોગનું નિવારણ થઈ શકે પણ વિષય વાસનાના ઉદય જાગૃતિના મૂળમાં અનાદિ કાળનો મૈથુન ભાવ રૂપ જે માનસિક રોગ છે તે શાંત થઈ શકે નહિ. તેમ સમજદાર મનુષ્યને કાળાંતરે કોઈ ધર્મગુરુ ઉપદેશથી કે બીજી રીતે આત્મજાગૃતિ આવતા મૈથુનભાવ વિષય વેદના મોહમાંથી છૂટવા સ્થૂલ તેમજ માનસિક બ્રહ્મચર્ય પાલનની જરૂર સમજાય છે. સ્થૂલ બ્રહ્મચર્ય પાલન માટે પણ દૃઢ મનોબળની જરૂર રહે છે. તેથી વિષય વિચારને લગતા અશુભ વિચારોને બદલે બ્રહ્મચર્યને લગતા શુભ વિચારો કરવા, દ્રષ્ટિ વિકાર, કામ વિકાર સેવતા ચક્ષુ અને મનને વિષય વિચારોમાં ભટકતું અટકાવવા તેનો નિગ્રહ કરવાની જરૂર છે. તે માટે બ્રહ્મચર્યના ગુણોની વિચારણા કરવા સાથે કોઈને કોઈ આદર્શ બ્રહ્મચારી યોગી સાધુ સંત પુરુષ કે શિયળવંતી સતી સ્ત્રીમાં ધ્યાન કેન્દ્રિત કરી વિષયવાસનાને કાબુમાં લેવાની જરૂર રહે છે. તેમાં પ્રમાદ આવે નહિ તે માટે સતત જાગૃત રહેવાની, બ્રહ્મચર્ય રક્ષાના નિયમોનું પાલન કરવાની જરૂર રહે છે. આત્મવાદી દરેક ધર્મમાં બ્રહ્મચર્ય પાલન માટે નિયમો હોય છે. જૈન ધર્મમાં ચારિત્ર પાલન માટે બ્રહ્મચર્ય પાલનને સૌથી વિશેષ મહત્ત્વ આપેલ છે. તેના મર્યાદિત અને સંપૂર્ણ પાલન માટે જૈન ધર્મમાં ઘણા ઉપયોગી વ્યવહારૂ નિયમો છે. તેમાં ગ્રહસ્થ પુરૂષ સ્ત્રી માટે અણુવ્રત અથવા અમુક મર્યાદિત પાલન થઈ શકે તેવા વ્રત અને સાધુ સાધ્વી માટે મહાવ્રત અથવા સંપૂર્ણ પાલન કરવાના વ્રત હોય છે. અહિંસાદિ પાંચ વ્રતોમાં સાધુ સાધ્વી માટે બ્રહ્મચર્ય મુખ્ય અને નિરપવાદ વ્રત ગણેલ છે. બીજા વ્રતો બાબત પ્રશસ્ત કારણોસર દોષ નભાવી લેવાય પણ બ્રહ્મચર્ય ભંગનો દોષ નભાવી શકાય નહિ. તે ચારિત્રનું મૂળમાંથી જ ખંડન કરે છે, તેવા ચારિત્રભ્રષ્ટ પૂરતું પ્રાયશ્ચિત કરે તો જ તેને ફરી દીક્ષા આપી શકાય તેવી જૈન ધર્મમાં પાકી વ્યવસ્થા છે. ઘણાખરા સાધુ સાધ્વી બ્રહ્મચર્ય વ્રતનું પાલન હાલમાં પણ ઘણું સારૂં કરે છે. તેમાં કોઈ વખત શિથીલતા ભ્રષ્ટતા દેખાય છે તે કોઈ પણ ગામના જૈન સંઘે નભાવી લેવા જેવી નથી. જૈનેતરોમાં જૈન ધર્મ પ્રત્યે ખાસ કરીને જૈન સાધુ સાધ્વીના બ્રહ્મચર્ય પાલન અને શ્રાવક શ્રાવિકા સહિત તેમની તપશ્ચર્યા કારણે બહુમાન છે. જૈનોની તપશ્ચર્યાની સર્વત્ર પ્રશંસા થાય છે અને સાધુ સાધ્વીના બ્રહ્મચર્ય પાલનના ગુણગાન ગવાય છે. બ્રહ્મચર્ય પાલન રક્ષણ માટે નવવાડરૂપે કડક નિયમો છે. પંચેન્દ્રિય સૂત્રમાં તેનું વર્ણન છે. તેનું યથાર્થ પાલન કરનાર બ્રહ્મચર્યનું સારી રીતે પાલન કરી શકે છે અને વ્રત ભંગનો દોષ લાગતો નથી.

હવે આપણે ગ્રહસ્થોએ પાળવાના બ્રહ્મચર્ય વ્રત વિષે વિચાર કરીએ. ગ્રહસ્થ પુરૂષ સ્ત્રીએ બ્રહ્મચર્યનું અણુવ્રત એટલે મર્યાદિત રીતે પાલન કરવાનું હોય છે. તે માટે વંદિત્તુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સૂત્રની પંદર સોળમી ગાથા અને અતિચાર સૂત્રમાં તેના વિસ્તારપૂર્વકનું જ્ઞાન ઘણું ઉપયોગી છે. સામાન્ય રીતે ગ્રહસ્થો બાર વ્રત ધારણ કરી શકે નહિ, તે ચતુર્થ વ્રત એટલે બ્રહ્મચર્ય વ્રત ગ્રહણ કરે છે. અણુવ્રત તરીકે ચતુર્થ વ્રતમાં સ્વદારા સંતોષ અને તેવી બીજી મર્યાદિત મૈથુન સેવનની છૂટ છે તે હાલમાં ચતુર્થ વ્રત નિયમ પાલનમાં અપાતી નથી તે યોગ્ય જ છે. નહિતર તેનો ઘણો ગેરઉપયોગ અનર્થ થવા સંભવ છે. હાલ તો ચતુર્થ વ્રતમાં સ્થૂલરૂપે પણ સંપૂર્ણ બ્રહ્મચર્ય પાલન કરવાનું હોય છે. મોટેભાગે મોટી ઉંમરના સ્ત્રી–પુરૂષો તે વ્રત ગ્રહણ કરે છે અને ઠીક પાલન થાય છે. સંસારનું મૂળ મિથ્યાત્વ મોહવાસિત મૈથુનભાવ છે. તે મૂળ બીજનો નાશ કરવા મૈથુન ત્યાગ આવશ્યક છે અને તે ચતુર્થ વ્રત બ્રહ્મચર્ય પાલનથી જ શકય છે. બીજા વધારે વ્રત ધારણ પાલન થઈ શકે નહિ તેમણે યોગ્ય ધર્મગુરૂએ આપેલ નિયમથી અને બની શકે તેમણે તીર્થંકર સ્વરૂપ નાદના મંડાણ અને વિધિપૂર્વક ચતુર્વિધ સંઘ સમક્ષ તે વ્રત ગ્રહણ કરવાની જરૂર છે.

બ્રહ્મચર્ય વિષે વિચાર કરતાં વિષયવાસના સંબંધી હાલની કેટલીક પરિસ્થિતિનો પણ વિચાર કરવાની જરૂર છે. હાલના કાળમાં કોલેજ વગેરેમાં સહશિક્ષણ તથા સામાજિક રાજકીય અને નોકરી ધંધાના કારણોસર પોતાના પરિણિત સંબંધો સિવાય અન્ય સ્ત્રી પુરૂષો સાથે સહવાસ સંપર્કમાં ઘણા પ્રસંગો આવે છે. તેથી એકબીજા જાતિય આકર્ષણથી ખેંચાઈ અનૈતિક માર્ગે લપસી જવાય નહિ તેનું યુવાન સ્ત્રી–પુરૂષે બહુ ધ્યાન રાખવાની જરૂર છે. હાલમાં સ્ત્રીઓના આકર્ષક પહેરવેશ, સૌંદર્ય ટાપટીપ જોઇને ઘણાને દ્રષ્ટિવિકાર કામવિકાર થઇ આવે છે. તેવી સ્ત્રીઓને પણ યુવાન દેખાવડા પુરૂષ પ્રત્યે જાતિય આકર્ષણ થાય છે. જાતિય આકર્ષણ આક્રમણ દ્રષ્ટિવિકાર બાબત સ્ત્રીઓ કરતાં પુરૂષો વધારે દોષિત હોય છે. જાતિય વૃત્તિ બાબત પુરૂષ કરતા સ્ત્રી વધારે સારો નિગ્રહ અંકુશ રાખી શકે છે. શિયળવંતી ચકોર સ્ત્રી પરપુરૂષથી હંમેશાં બહુ સાવચેત રહે છે. પુરૂષના દ્રષ્ટિવિકારને સ્ત્રી તુરત સમજી લઈ પોતાની જાતને સંકોચી લે છે. આ સંસ્કારી પવિત્ર આર્ય સ્ત્રીનું લક્ષણ છે. પણ હાલમાં વિષયવાસના ઉત્તેજક સીનેમા દ્રશ્યો, ગાયનો અને વાર્તાઓ જોવા વાંચવા સાંભળવાનો તથા બહારના હરવાફરવા ખાણીપીણીનો એટલો બધો શોખ વધેલ છે કે ઘણા યુવાન પરિણિત કે કુંવારા પુરૂષ સ્ત્રીઓની જાતિય વિષયક નૈતિક મર્યાદાનો નાશ થઈ રહેલ છે. મોટા શહેરોમાં અસામાજિક સંબંધો, ખાનગી વ્યભિચાર, વેશ્યાચાર તથા નિશાળ કોલેજોમાં અભ્યાસ કરતા કુમાર–કુમરિકાઓમાં સ્વેચ્છાય અનૈતિક સંબંધો ઘણા વધેલ છે. નાની ઉમરના કુંવારા ઘણા યુવાનોના વર્તન હાલચાલ બોલચાલ જાતિય વાસના બાબત ઘણા ઉચ્છૃંખલ થતાં જાય છે અને રૂપાળી દેખાવડી પવિત્ર ભાવના ધરાવતી યુવાન સ્ત્રી કુમારિકાઓની ઘણી સતામણી છેડતી લાજ લુંટવાના પ્રયાસો થાય છે. હાલની સ્થિતિમાં સ્ત્રીઓને કરવી પડતી નોકરીમાં સ્ત્રી યુવાન રૂપાળી હોય તો શિક્ષણ જેવા પવિત્ર ક્ષેત્રે પણ તેની લાજ મર્યાદા સચવાવી મુશ્કેલ છે. બીજા પણ ઘણા ક્ષેત્રે તેમની આર્થિક અસહાય સ્થિતિમાં ઘણાના શિયળ લુંટાય છે, શરીરરૂપ વેચાય છે. આ પરિસ્થિતિ માટે મોટાભાગે પુરૂષો અને હાલની મોંઘવારી વગેરે દોષિત છે. સ્ત્રીઓ પણ અમુક અંશે દોષિત છે. પણ યુવાન પુરૂષ તેના સ્વભાવે મુખ્યત્વે આક્રમણકારી દોષિત છે. તેમાં પણ કામભોગને ઉત્તેજિત કરે તેવા સીનેમા દ્રશ્યો અને વિષય વાસના ઉત્તેજક હાલના વર્તમાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પત્રો અઠવાડીકો માસિકોમાં આવતી વાર્તાઓ, બિભત્સ પુસ્તકો અને ચિત્રોએ કુંવારા કે પરિણિતયુવાન પુરુષ સ્ત્રીઓમાં કામવાસના ઘણી બહેકાવી મૂકી છે. ઓછામાં પૂરું હાલના સંતતિ નિયમનના સાધનોએ સ્ત્રીઓને ગર્ભાધાન ભયથી મુક્ત બનાવી પરિણિત અપરિણિત અનૈતિક જાતિય સંબંધો બાંધવા, વિષયભોગ નિરંકુશ યથેચ્છપણે માણવા અમર્યાદિત છૂટ આપી છે. પરિણામે બ્રહ્મચર્યની ભાવનાનો એવો નાશ થઈ રહ્યો છે કે બ્રહ્મચર્ય વ્રત પાલન થઈ શકે નહિ તો પણ તે પ્રત્યે ભાવના પૂજ્ય ભાવ ધરવાને બદલે બ્રહ્મચર્ય પાલનની કેટલીકવાર ઠેકડી-મશ્કરી કરવામાં આવે છે. તે સાથે જુવાનીમાં એવી પ્રેમ દિવાની ભળી છે અને પ્રેમના નામે શરાબની માફક વિષયવાસના એવી વ્યસન ગ્રસ્ત ભાનભૂલી મોહાંધ થઈ છે કે પોતે માનેલા પ્રેમમાં નિષ્ફળતા મળતા કઈક યુવાન કુમાર કુમારિકાઓ કરૂણ આપઘાત કરે છે. પ્રેમ માર્ગમાં એક બીજાને આડે આવતા કઈકના ખૂન ખરાબી થાય છે, કઈક વૃદ્ધ મા બાપ યુવાન પુત્ર પુત્રી વિહોણા થાય છે, કઈકના ઘર ભંગાય છે, કઈક કુમારિકા અને પરિણિત સ્ત્રીઓના અપહરણ થાય છે અને બાળકો માતા વિહોણા થાય છે. હાલના કાળમાં આવા અત્યંત દુઃખદ કરૂણ કિસ્સાઓ ઘણાં વધતા જાય છે. તે ઉપર કોઈ અસરકારક કાયદાના કે બીજા સામાજિક અંકુશો મૂકી શકાય તેમ નથી. છતાં હાલની યુવાન પ્રજાને મૂળમાંથી ધર્મભ્રષ્ટ ધર્મ વિહોણા કરે તેવા નીતિનાશના સર્વનાશમાંથી બચાવવાની ઘણી જરૂર છે.

આ બચાવ સુધારો કેમ થઈ શકે તે મહત્ત્વનો સવાલ છે. તે માટે હાલની શિક્ષણ પદ્ધતિમાં અને બહારના ખરાબ વાતાવરણમાં ભાગ્યે જ સુધારો થઈ શકે તેમ છે. છતાં હાલનું કોલેજ શિક્ષણ જીવન નિર્વાહના સાધન તરીકે ઘણાને લીધા સિવાય બીજો ઉપાય નથી. તે સારા નીતિ વિષયક શિક્ષણ સંસ્કારની પૂર્તિ મા બાપ વડિલોએ ઘરમાંથી જ કરવી રહી, અને બહારના ખરાબ વાતાવરણથી દોષિત થાય નહિ તેની તકેદારી રાખવી રહી. યુવાન દીકરા દીકરીને બહાર હરવા ફરવા કે સીનેમા જોવા વિગેરેની મનાઈ થઈ શકે તેમ નથી તેથી તેમની બહારની પ્રવૃત્તિ ઉપર પણ દેખરેખ રાખવી રહી. તેઓ ગેરવર્તન કરતાં ખરાબ માર્ગે ચાલતા લાગે ત્યાં સમજાવટ ભરી યુક્તિ કે સખ્તાઈથી કામ લેવું રહ્યું. મોટી ઉમર થતાં પહેલાં દીકરા દીકરીના વર્તન ઉપર મા બાપોનો અંકુશ આવી જાય તો ખરાબ સ્થિતિ આવે નહિ, છતાં આવે તો સહેલાઈથી સુધરી શકે. પોતાના દીકરા દીકરીઓને આર્થિક સુખનો વારસો આપવાની મા બાપની ફરજ છે તે કરતાં વધારે ફરજ તેમનામાં નીતિવિષયક અને ધર્મ વિષયક ઉંચા સંસ્કારો કેળવવાની છે. તે ઉપરાંત ધર્મ ગુરુઓએ યુવાન પ્રજા સમજી શકે ગ્રહણ કરી શકે તે રીતે પ્રેમપૂર્વક મીઠાશ અને કરૂણાભાવથી ધર્મ અને નીતિના ઉંચા સંસ્કારો આપવાની જરૂર છે. હાલની શિક્ષિત યુવાન પ્રજાને ધર્મના ચાલુ ક્રિયાકાંડોથી ન્યાય નીતિ સદાચારના માર્ગે વાળી શકાશે નહિ. તેઓ ઘણા બુદ્ધિશાળી છે તે સાથે અંતરમાં ધર્મ ભાવના પણ ધરાવે છે. તેઓ ધર્મના ક્રિયાકાંડ કરતાં જે રીતે વિચાર શુદ્ધિ જીવન શુદ્ધિ થાય તે વાત વધારે સહેલાઈથી સમજશે સ્વીકારશે. તેઓ જૈન ધર્મનો સૌને કલ્યાણકારી જીવન શુદ્ધિસાધક આત્મહિતકારી તાત્ત્વિક સિદ્ધાંતો અને અહિંસાદિ ઉંચી ભાવનાનો આચાર માર્ગ સહેલાઈથી સમજશે અને તેનું અનુકુળતા મુજબ થોડું ઘણું પાલન કરશે. તેઓ ફુરસદના વખતે જૈન ધર્મના તત્ત્વજ્ઞાન અને આચાર માર્ગનો અભ્યાસ કરતાં થાય તે માટે ઉંચી કેળવણી પામેલ સંસ્કારી ધાર્મિક શિક્ષકો અને ધાર્મિક સાહિત્યની દરેક સગવડ તેમને આપવા જોઈએ.

(અનુસંધાન ટા. પેજ ૪ ઉપર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

(અનુસંધાન ટા. પેજ ૩ થી શરૂ)

ચાલુ કેટલીક સંપ્રદાયિક રીતે નહિ પણ સૌને માન્ય થાય તેવી જૈન ધર્મની વિશ્વ ધર્મ રૂપ વિશાળ ભાવનાથી કામ લેવામાં આવે તો પરિસ્થિતિમાં ઘણો સુધારો થઇ શકે તેમ છે. તે માટે ગમે તેટલો ખર્ચ કરવામાં આવે તે સાર્થક થશે. નહિતર ધર્મ અને નૈતિક દ્રષ્ટિએ ભાવિ ઘણું નિરાશાજનક છે તે પણ સમજી લેવું રહ્યું.

બ્રહ્મચર્યના મહત્વની વાત આ લેખની શરૂઆતમાં સમજાવી છે. આત્મવિકાસ, આત્મશુદ્ધિ, શુદ્ધ ચારિત્ર પાલન માટે તે આવશ્યક છે. તે માટે પર દ્રવ્ય સંયોગી મૈથુન ત્યાગ આવશ્યક છે. અહિંસાદિક વ્રતોનો સંપૂર્ણ પાલનમાં બ્રહ્મચર્યની મુખ્યતા છે. જેમ સંપૂર્ણ અહિંસક યોગી પુરૂષ પાસે અન્ય પ્રાણીઓના વેરઝેર શમી જાય છે તેમ બ્રહ્મનિષ્ઠ બ્રહ્મચારી પાસે કામી સ્ત્રી–પુરૂષોના કામવિકારનું શમન થાય છે, તેમની કામવાસના શાંત થાય છે. ભરહેસર સજ્ઝાયમાં વર્ણવેલ ઘણા સંતપુરૂષો અને સતીઓની ધર્મ કથાઓ બ્રહ્મચર્યના ઉત્તમ આદર્શ પૂરા પાડે છે. ધન્ના શાલિભદ્રના વિષયભોગ ત્યાગ, સુદર્શન શેઠનું શિયળ રક્ષણ, અતિ રૂપ સંપન્ન કોશા જેવી ભોગવેલ વેશ્યાનો તેના વિલાસ ગ્રહમાં જ સ્થૂલિભદ્રે કરેલ ત્યાગ, અને કામ વિજયપૂર્વક બ્રહ્મચર્ય પાલન, વિજય શેઠ અને વિજયા શેઠાણીએ એકબીજાથી અજાણતાં લીધેલ બ્રહ્મચર્ય વ્રતનું લગ્નની રાત્રીથીજ કરેલ અખંડ પાલન, સતી સીતા, સુભદ્રા, દમયંતિ, રાજીમતિ મૃગાવતિ વગેરે સતીઓના ઘણી કસોટી પૂર્વક શિયળ પાલનની કથાઓ ઘણી બોધદાયક છે. તે કથાઓ વિષય વૃત્તિ જાગતા બ્રહ્મચર્ય પાલનમાં સ્થીરતા લાવવા નિત્ય સ્મરણીય ઉપયોગી છે. એવા દુષ્કર દુઃસાધ્ય શુદ્ધ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરનારને મહાઋદ્ધિશાળી દેવો ઈન્દ્રો પણ નમસ્કાર કરે છે. તેમ આપણે પણ નમસ્કાર કરીએ. અને શુદ્ધ ચારિત્ર પાલનના એક આવશ્યક વ્રત તરીકે અને સંપૂર્ણ શુદ્ધ કર્મ મુક્ત આત્મ દશાની પ્રાપ્તિ માટે તેની ઉપાસના કરીએ. (સંપૂર્ણ)

જેની ઘણા સમયથી રાહ જોતા હતા તે પુસ્તક તૈયાર થઇ ગયું છે—

શ્રી વિજયલક્ષ્મીસૂરિ વિરચિત

શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર : ભાગ ૨ જો

ઉપરોક્ત ગ્રંથ ગુજરાતી લીપીમાં કલકત્તાના અમુક ભાવિક સદ્ગૃહસ્થ તરફથી મળેલ સહાયથી છપાવવાનું શરૂ કરેલ છે. પાના ૩૦૪–ફોર્મ ૩૮. બહુ થોડી નકલો હોવાથી તુરતજ મંગાવી લેશો. બુકની કિંમત રૂા. પાંચ. પોસ્ટેજ રૂા. ૨). લખો:—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર.**

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર

For Private And Personal Use Only